# યુવા ત્રિપૂટી નિર્ણાયક ભૂમિકામાં...










## હિંદુત્વની પ્રયોગશાળા ગણાતા ગુજરાતમાં ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર, પાસ કન્વિનર હાર્દિક પટેલ તેમજ દલિત નેતા જિગ્નેશ મેવાણી નામના યુવાનો ભાજપને રાજકીય પડકાર ફેંકી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૭

નાત-જાત એ ભારતની સામાજિક બાંધણીની હકીકત છે. કોઈ પણ ચૂંટણી જીતવા માટે ભારતની વિશિષ્ટ સામાજિક બાંધણીને ચૂંટણીની વૈતરણી પાર કરવા માટે રાજકીય પક્ષો ઉપયોગ કરતા રહ્યાં છે. ગુજરાતમાં ખામ થિયરીની ચર્ચા વચ્ચે જ્ઞાતિ સમીકરણોની ચર્ચાઓ થતી રહી છે. પરંતુ જ્ઞાતિવાદી રાજકારણને ધ્વસ્ત કરીને ભાજપે હિંદુત્વના રાજકારણના આધારે ૨૨ વર્ષ સુધી ગુજરાતમાં સત્તામાં રહેવામાં સફળતા મેળવી છે. પરંતુ વર્ષ ૨૦૧૭માં ફરી એક વખત ભાજપને હિંદુત્વની પ્રયોગશાળા ગણાતા ગુજરાતમાં ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર, પાસ કન્વિનર હાર્દિક પટેલ તેમજ દલિત નેતા જિગ્નેશ મેવાણી નામના યુવાનો રાજકીય પડકાર ફેંકી રહ્યા છે.

રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન માધવસિંહ સોલંકીના કાર્યકાળમાં કોંગ્રેસના વ્યૂહરચનાકારોએ વિધાનસભાની ચૂંટણીમાં ખામ થિયરીના આધારે ૧૪૯ જેટલી વિધાનસભાની બેઠકો જીતવામાં સફળતા હાંસલ કરી હતી. ખામ થિયરી એક જ્ઞાતિવાદી ચૂંટણી સમીકરણ તરીકે ગુજરાતના રાજકારણમાં ઘણી બદનામ થયેલી છે. ખામ એટલે ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમ વોટબેંકોના સમીકરણો દ્વારા ચૂંટણીની શતરંજને જીતવી. જ્ઞાતિ સમીકરણોની રાજરમતમાં ૮૦ના દાયકામાં પાટીદાર અને ઓબીસી વોટરોની રાજકીય અસરો મોટે ભાગે તટસ્થ રહી હતી. ૯૦ના દશકમાં ભાજપ અન્ય સવર્ણ જ્ઞાતિના ૨૦ ટકા અને પાટીદારોના ૧૬ ટકા એટલે કે ૩૬ ટકા વોટના નવા ચૂંટણી સમીકરણ સાથે ખામ મતબેંકનો મુકાબલો કર્યો હતો. જો કે, ખામના ૩૦ ટકા વોટ કોંગ્રેસની તરફેણમાં હતા. પરંતુ ઓબીસીના ૩૫ ટકા વોટની અસર મહદઅંશે તટસ્થ રહી હતી.

ગુજરાતના મુખ્યપ્રધાન તરીકેના નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં ઓબીસી ભાજપના સમર્થનમાં આવ્યા હતા. કોંગ્રેસે ક્ષત્રિય વોટરોનો ટેકો ગુમાવ્યો હતો. ખામમાંથી 'કે'ના નીકળ્યા બાદ કોંગ્રેસના ટેકામાં હામ એટલે કે હરિજન, આદિવાસી અને મુસ્લિમ મતદાતાઓનો વોટબેસ બાકી રહ્યો હતો. તેમ છતાં વર્ષ ૨૦૧૨માં ભાજપની વોટબેંક ગણાતા પાટીદાર સમુદાયમાંથી ચાર ટકા જેટલા વોટરોએ કેશુભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાત પરિવર્તન પાર્ટીને ટેકો આપ્યો હતો.

## ચૂંટણીમાં બ્રહ્મસમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા ભાજપ સમક્ષ રજૂઆત કરાઈ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય પક્ષોમાં ગરમાવો આવતો જાય છે. આ સંજોગોમાં સત્તાધારી પાર્ટી ભાજપ દ્વારા ટિકિટની ફાળવણી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પત્ર પાઠવીને બ્રહ્મસમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટે રજૂઆત કરવામાં આવી છે.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અમદાવાદ શહેર દ્વારા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને પત્ર લખીને આગામી વિધાનસભાની ચૂંટણીમાં બ્રાહ્મણ સમાજની લાગણી દુભાય નહીં તેનું ધ્યાન રાખવા જણાવવામાં આવ્યું છે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અમદાવાદ શહેરના મહામંત્રી હિતેશભાઈ ત્રિવેદીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને લખેલા પત્ર અંગે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે દરેક બહુમતી સમાજ દ્વારા તેમની સામાજિક, આર્થિક તેમજ રાજકીય રીતે પોતાની માંગણીઓ રાજકીય પક્ષ સમક્ષ મૂકીને તેમના સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટેની માંગણી કરવામાં આવતી હોય છે, પરંતુ એક માત્ર બ્રહ્મસમાજ છે કે જેણે કોઈ પણ અપેક્ષા વગર રાષ્ટ્રહિતમાં ભાજપ પક્ષને વફાદાર રહ્યો છે.

ભાજપને વફાદાર રહેવા છતાં ભાજપ દ્વારા દર વખતે ચૂંટણીમાં બ્રહ્મસમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં અત્યાર સુધી અન્યાય કરવામાં આવી રહ્યો છે.

આથી આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા પક્ષ અને દેશને સમર્પિત હોય એવા યોગ્ય અને સક્ષમ બ્રાહ્મણ ઉમેદવારોને પ્રતિનિધિત્વ કરવાની તક આપવામાં આવે તેવી રજૂઆત પત્રમાં કરવામાં આવી હોવાનું હિતેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે.

## ભાજપને માત આપવા કોંગ્રેસે બનાવી રણનીતિ

પહેલા ક્યારેય ન હતો તે રીતે કોંગ્રેસ પક્ષ આ વખતે ભાજપનાને દરેક મુદ્દે પાછળ રાખવા સક્રીય થયો છે. માત્ર વાક્પ્રહારોમાં જ નહીં પરંતુ સોશિયલ મીડિયાના માધ્યમથી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં પણ ભાજપને પાછળ રાખી દેવાની રણનીતિ કોંગ્રેસ ઘડી રહી છે.

આ વ્યૂહ રચનાના ભાગ રૂપે કોંગ્રેસે પોતાની યુવા આઈટી પાંખને મેદાને ઉતારી છે. કોંગ્રેસ નેતા રોહન ગુપ્તાના જણાવ્યા પ્રમાણે ૩ મહિનાથી પોતાના આઈ ટી વોર રૂમ તૈયાર થઈ ગયા છે. હવે ૪ મેટ્રો સિટી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં વોરરૂમ સભા કરાશે.

તેમજ ગુજરાતમાં ૪ ઝોનલ વોર રૂમ આરંભ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. એટલું જ નહીં દરેક વિધાનસભા ક્ષેત્ર ૧ વોર રૂમ એમ ૧૮૨ નાના વોર રૂમ બનાવવાની પણ પોતાની યોજના તેમણે જાહેર કરી હતી.

મનીષ દોશીએ જણાવ્યું હતું કે, અમારા વોર રૂમ કાર્યકર્તા દ્વારા ઉભા કરાયેલા વોર રૂમ છે. અમારા વોલન્ટીયર કાર્યકર્તાઓ દ્વારા સમાજને સ્પર્શતા દરેક મુદ્દાને ક્રિયેટિવ રૂપ રજૂ કરે છે અને લોકો સુધી અસરકારક રીતે વાત પહોંચાડે છે.

## હવે નરેન્દ્ર પટેલની છ ઓડિયો કલીપ વાયરલ

અમદાવાદ,તા.૨૭

મહેસાણાના પાટીદાર નેતા



નરેન્દ્ર પટેલની પાસના પૂર્વ નેતા અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા વરૂણ પટેલ સાથે વાતચીતની ઓડિયો કલીપ ગઈકાલે વાયરલ થયા બાદ આજે નરેન્દ્ર પટેલની વધુ છ ઓડિયો કલીપ વાયરલ થઈ છે, જેમાં આ વખતે કોંગ્રેસના નેતાઓ

**કલીપમાં કોંગી નેતાઓ સાથે લેવડદેવડનનો ઉલ્લેખ : અવાજ તેમનો ન હોવાનો નરેન્દ્ર પટેલનો ખુલાસો : ફોરેન્સિક તપાસ કરાવવા પડકાર : કોંગ્રેસે પણ આક્ષેપને વખોડયો**

સાથે પૈસાની લેવડદેવડની વાતનો ઉલ્લેખ છે. આ ઓડિયોકલીપને લઈ ગુજરાતનું રાજકારણ ફરી ગરમાયું છે. એકબાજુ, નરેન્દ્ર પટેલે આ ઓડિયોકલીપમાં તેમનો અવાજ નહી હોવાનો સ્પષ્ટ ખુલાસો કર્યો છે અને સાથે સાથે એફએસએલમાં તપાસ કરાવવાનો પડકાર ફેંક્યો છે.

તો બીજીબાજુ, ભાજપે આ પ્રકરણમાં કરેલા આક્ષેપોને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વખોડી કાઢયા છે.

નરેન્દ્ર પટેલની આજે વાયરલ થયેલી છ ઓડિયો કલીપને લઈ ભાજપના નેતાઓ તરફથી કોંગ્રેસ અને નરેન્દ્ર પટેલ પર આક્ષેપોની ઝડીઓ વરસાવાઈ હતી તો, આ અંગે મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ ઓડિયો કલીપમાં મારો અવાજ જ નથી. કોંગ્રેસના નેતાઓ કે ભાજપના અમિત શાહને લઈ જે વાતચીતનો ઉલ્લેખ છે, તેને કોઈ લેવાદેવા જ નથી કારણ કે, અવાજ જ મારો નથી. હું ગમે તે તપાસ કરાવવા તૈયાર છું. જરૂર પડયે આ ઓડિયો કલીપ એફએસએલમાં તપાસ માટે મોકલો, બધુ સ્પષ્ટ થઈ જશે. આ સમગ્ર પ્રકરણમાં હું મારા વકીલોની સલાહ લઈ આગળની કાયદાકીય કાર્યવાહી કરવા અંગેનો વિકલ્પ વિચારીશ. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ભાજપના આક્ષેપોને વખોડતાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજને કોંગ્રેસ પૈસા આપે તે વાતમાં કોઈ દમ નથી કારણ કે, પાટીદાર સમાજ પોતે સક્ષમ અને સ્વાભિમાની છે. ચૂંટણી ટાણે ભાજપના ગંદા રાજકારણનો આ એક ભાગ છે. કોંગ્રેસને આ કલીપ સાથે કોઈ લેવાદેવા નથી.

## અલ્પેશ કોંગ્રેસમાં જોડાતા ઠાકોર સેનામાં ભંગાણ, ૨૫૦ યુવાનો ભાજપમાં જોડાયા



વ્યસન મુક્તિ અભિયાન હાથ ધરીને ઠાકોર સમાજમાં પકડ જમાવનાર અલ્પેશ ઠાકોરે જિલ્લાઓ તથા તાલુકે તાલુકે હોદેદારોની વરણી કરી હતી અને સમાજનાં હિત માટે કામ કરવાની ખાતરી આપી રાજકીય પક્ષમાં ન જોડાવાનો દાવો કર્યો હતો. પરંતુ અલ્પેશ કોંગ્રેસમાં જોડાઈ જતા ક્ષત્રિય ઠાકોર સેનામાં ભંગાણ પડવાનું શરૂ થઈ ગયુ છે. ત્યારે કલોલનાં ક્ષત્રિય ઠાકોર સેનાનાં હોદેદાર તથા ૨૫૦ જેટલા ઠાકોર સમાજનાં યુવાનોએ ભાજપમાં જોડાઈને અલ્પેશ સાથેથી છેડો ફાડી નાંખ્યો છે. અલ્પેશ ઠાકોરની ક્ષત્રિય ઠાકોર સેનામાં જોડાયેલા ઠાકોર સમાજનાં યુવાનો અલ્પેશ પટેલનો પડ્યો બોલ જીલવા તૈયાર રહેતા હતા. ગાંધીનગર જિલ્લામાં હવે માહોલ બદલાઈ રહ્યો છે. ગુરૂવારે કલોલનાં રામનગર પાસે સ્થાનિક ભાજપનાં આગેવાન બળદેવજી અંબારામ ઠાકોરનાં ફાર્મ હાઉસમાં યોજાયેલા ભાજપનાં કાર્યક્રમમાં ૨૫૦ જેટલા ઠાકોર સમાજનાં યુવાનોએ કેસરીયો ધારણ કરીને ભાજપમાં પ્રવેશ કર્યો હતો.

## રાજકોટમાં રૂપાણી સામે રાજ્યગુરુ જોર લગાવી રહ્યા છે

### પાટીદારો પણ મહત્વની ભૂમિકા ભજવશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી વિધાનસભાની ચૂંટણીનું રણશીંગુ ફૂંકાઈ ગયું છે, ત્યારે સૌ કોઈની નજર રાજકોટ ૬૯ બેઠક પર હોઈ તે સ્વાભાવિક છે. અહીંથી ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ચૂંટણી લડનાર છે. જોકે, આ બેઠક વર્ષોથી ભાજપનો ગઢ રહી છે. પરંતુ આ વખતે ભાજપને ટક્કર આપવા કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજ્યગુરુ એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. મજાની વાત એ છે કે આ વખતે પાટીદારો પણ મહત્વની ભૂમિકા ભજવવાના છે. આ જ બેઠકમાં મતદારોની સંખ્યામાં સૌથી વધુ પાટીદારોનાં મત હોવાનું જાણવા મળે છે.

૧૯૮૫ના વર્ષથી આ બેઠક પર કેસરીયો લહેરાતો આવ્યો છે. કર્ણાટકના ગવર્નર બન્યા પહેલા વજુભાઈ વાળા ૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૫, ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ એમ સાત વખત સતત વિજેતા બનતા આવ્યા છે. જોકે, વડાપ્રધાન મોદી ધારાસભ્ય તરીકેની પ્રથમ ચૂંટણી આ બેઠક પરથી લડ્યા હતા અને જીત્યા હતા. ત્યારબાદ પેટાચૂંટણી ૨૦૧૪માં વિજયભાઈ રૂપાણી વિજેતા બન્યા બાદ સીએમ બન્યા હતા. જોકે, કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ ગત વિધાનસભામાં ભાજપની રાજકોટ ૬૮ બેઠક છીનવી લીધી હતી. આ વખતે તે સીએમ સામે લડવા મેદાનમાં ઉતર્યા છે. આર્થિક રીતે ખૂબ જ સદ્ધર એવા આ નેતા સીએમને હરાવવાની નેમ લઈ બેઠા છે.

## ચૂંટણીની સાયબર વોરમાં જનવિકલ્પે મેદાન માર્યું છે, કોંગ્રેસ બીજા, ભાજપ ત્રીજા સ્થાને છે

ગુજરાતની ચૂંટણીમાં વિવિધ પાર્ટીઓની આઈટી ટીમને વધારે મહત્વ મળી રહ્યું છે. રાજ્યમાં ૨૦૦૭ અને તે પછી જે ચૂંટણીઓ થઈ છે તેમાં ડોર ટુ ડોર પ્રચાર નહીં, જાહેર સભાઓ નહીં પરંતુ સાયબર વોરથી ચૂંટણી જીતાઈ છે. ઉત્તરપ્રદેશ હોય કે ગુજરાત- પ્રત્યેક ચૂંટણી હવે સોશ્યલ મિડીયાના સહારો લઈ રહી છે. આ એટલું ઈફેક્ટિવ માધ્મમ છે કે જે તમામ વર્ગ અને વ્યક્તિને અભિભૂત કરી શકે છે.

**મોદીએ ગુજરાત છોડ્યા પછી ભાજપની IT ટીમનો અત્યંત કંગાળ દેખાવ ...**

રાજ્યમાં ૨૦૧૭ના ડિસેમ્બર મહિનામાં આવી રહેલી ચૂંટણીમાં પણ સાયબર વોર છેડાયું છે. અગાઉની ૨૦૦૪, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૨ અને ૨૦૧૪ની જે મોટી ચૂંટણી યોજાઈ છે તેમાં જાહેર સભાઓ ઉપરાંત સોશ્યલ મિડીયાનો વ્યાપક પ્રભાવ જોવા મળ્યો છે. નરેન્દ્ર મોદીએ તો ચૂંટણી પ્રચારમાં એવી આધુનિકતાનો સમન્વય કર્યો છે કે દેશના ઈતિહાસમાં પહેલો છે. મોદીએ ઉપસ્થિત રહ્યાં વિના થ્રી-ડી ચૂંટણી જાહેર સભાઓ કરી છે. ગૂગલ હેન્ગઆઉટથી મતદારો સાથે વાતો કરી છે. ચૂંટણી સભામાં મોદી પાંચ રૂપિયા અને દસ રૂપિયાની ટીકીટ પણ રાખી ચૂકયાં છે.

ગુજરાત વિધાનસભાની આ વર્ષની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ ઉપરાંત એનસીપી, જનવિકલ્પ, આમ આદમી પાર્ટી, એસપી અને બીએસપી જેવી પાર્ટીઓએ તેમના ઉમેદવારોને ઉભા રાખવાની જાહેરાતો કરી દીધી છે ત્યારે આ પ્રત્યેક પાર્ટીઓએ તેમની આઈટી ટીમને હાયર કરીને આધુનિકતા સાથે ટેકનોલોજીનો સમન્વય કર્યો છે. સૌથી નબળી આઈટી કામગીરી એનસીપી, એસપી અને બીએસપીની છે. તેમના પછી નબળી કામગીરીમાં આમ આદમી પાર્ટી આવે છે. ભાજપ કરતાં કોંગ્રેસની આઈટી ટીમ વધારે એક્ટિવ જોવા મળે છે પરંતુ સૌથી વધુ એક્ટિવ આઈટી ટીમ જનવિકલ્પની છે કે જેનો જન્મ કોંગ્રેસમાંથી છૂટા પડેલા સિનિયર નેતા શંકરસિંહ વાઘેલાઓ કરાવ્યો છે.

ભૂતકાળ જોઈએ તો શંકરસિંહ વાઘેલાની ખુદની રાષ્ટ્રીય જનતા પાર્ટી- રાજપા- ને ગુજરાતની ચૂંટણીમાં નામોશી મળી હતી પરંતુ આ વખતે જનવિકલ્પને ત્રીજા વિકલ્પ તરીકે ઉપસાવવામાં શંકરસિંહ વાઘેલાએ પ્રયાસો કર્યા છે. તેમણે હાયર કરેલી આઈટી ટીમે જનવિકલ્પની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન

**લોકપ્રશ્નોને સંવેદનશીલ સૂત્રોમાં બદલીને મૂકવાનું કામ શંકરસિંહે કરાવ્યું છે ...**

એટલી અફલાતુન બનાવી છે કે જે બીજી પાર્ટીઓની વેબસાઈટને ઝાંખી પાડે છે. અહીં સોશ્યલ મિડીયામાં ફેસબુક અને ટ્વિટરની વાત નથી પરંતુ વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશનની ચર્ચા છે. રાજકીય પાર્ટીઓમાં જનવિકલ્પની મોબાઈલ એપના વખાણ થાય છે. શંકરસિંહની આઈટી ટીમને હાઈજેક કરવાનો પ્લાન ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ કર્યો છે પરંતુ આ ટીમ હાલ પણ શંકરસિંહના વિકલ્પને મોટો બનાવી રહી છે.

જનવિકલ્પની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન એટલી મજબૂત છે કે આવી વેબ અને એપ્લિકેશન જો ભાજપ કે કોંગ્રેસની હોત તો તેમના કામ ઘણાં આસાન બની શક્યા હોત. હા, વિકલ્પ છે... એવા સૂત્ર સાથેની વેબસાઈટમાં જનવિકલ્પમાં જોડાવ અને જનવિકલ્પમાં હૂંડી એવી બે વિન્ડો ખૂલે છે. મોબાઈલ એપમાં કન્વર્સેશન અને એનાઉન્સમેન્ટ ડિટેઈલ આપવામાં આવેલી છે. આ એપ્લિકેશન વેબસાઈટ, ફેસબુક, ટ્વિટર, ઈસ્ટાગ્રામ અને યુટ્યુબથી જોડાયેલી છે.

મોબાઈલ એપ્લિકેશન એન્ડ્રોઈડ અને એપસ્ટોર એમ બન્ને માટે ખુલ્લી છે જેમાં એક સાથે હજારો લોકો સીધો સંવાદ કરી શકે છે. એ ઉપરાંત વેબસાઈટમાં મૂકેલા ચૂંટણી સૂત્રો એટલા ઈફેક્ટિવ છે કે જેના કારણે ગુજરાતના વધુને વધુ લોકો તેમાં જોડાઈ રહ્યાં છે. આ વેબસાઈટ ફેસબુક, વોટ્સઅપ અને ટ્વિટર સાથે જોડાયેલી છે. ભાજપ અને કોંગ્રેસની વેબસાઈટમાં તેના રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશ નેતાઓના મોટાકદના ફોટા રાખવામાં આવ્યા છે પરંતુ જનવિકલ્પમાં માત્ર શંકરસિંહ વાઘેલાની તસવીર છે, બાકીની તસવીરો જનતાની મૂકવામાં આવી છે.

કોંગ્રેસની વેબસાઈટ- ગુજરાત કોંગ્રેસ પણ ઈફેક્ટિવ છે. કોંગ્રેસની આઈટી ટીમ મજબૂત અને અસરકારક પરિણામ આપી રહી છે. કોંગ્રેસ પાંચ વર્ષ માટે શું કરવા માગે છે તેનો હિસાબ-કિતાબ અને વચનો આ વેબસાઈટ પર મૂકાયેલા છે. નવસર્જન ગુજરાત અને કોંગ્રેસ આવે છે, નવસર્જન લાવે છે... આ બન્ને સૂત્રો ચોટદાર બન્યાં છે. ભાજપના કુશાસન સામે તમારા અધિકારની લડાઈમાં જોડાવા માટે મિસ કોલ કરો તેવો નંબર પણ કોંગ્રસની આઈટી ટીમે આપ્યો છે. કોંગ્રેસની આ વેબસાઈટ અંગ્રેજી અને ગુજરાતી એમ બન્ને ભાષામાં છે. વિવિધ સમાજના પ્રશ્નોની ચીવટપૂર્વક રજૂઆત આ વેબસાઈટમાં જોવા મળી છે. કોંગ્રેસના આગામી કાર્યક્રમો અને પૂર્ણ થયેલા કાર્યક્રમોના વિડીયો

**કોંગ્રેસની સોશ્યલ ટીમ મજબૂત છતાં વેબ અને મોબાઈલ એપ્સ બેઅસર ...**




ફુટેજ, તસવીરો તેમજ પ્રવચનો તેમાં મોજૂદ છે. જો કે કોંગ્રેસની મોબાઈલ એપ્લિકેશનમાં લોચા છે.


બીજેપી ગુજરાતની વેબસાઈટ એટલી બધી આકર્ષક નથી કે તે બીજી પાર્ટીની વેબસાઈટ સાથે કમ્પેરિઝન કરી શકાય. આ વેબસાઈટમાં માત્ર મોદીને મોટા બનાવવામાં આવેલા છે. ૨૦૧૨ના મેનિફેસ્ટો અને અડીખમ ગુજરાતના પોસ્ટર સિવાય આ વેબસાઈટમાં કંઈ નવિનતા જોવા મળતી નથી. પૂરા થઈ ગયેલા કાર્યક્મોની યાદી સિવાય આ વેબસાઈટમાં લોકો આકર્ષાઈ શકે તેવી એકપણ ચીજ જોવા મળતી નથી. હા, ભાજપમાં ગૌરવ લેવા જેવું એક પાસુ નરેન્દ્ર મોદીનું છે. તેમની વેબસાઈટ અને સોશ્યલ માધ્મયના વિવિધ પાસાઓને સૌથી વધુ પોપ્યુલર બનાવવામાં આવેલા છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની મોબાઈલ એપ્લિકેશન છે પરંતુ તે પણ એટલી આકર્ષક નથી. ભાજપની સભ્યસંખ્યા લાખોના આંકડામાં છે છતાં જીતુ વાઘાણીની મોબાઈલ એપમાં વન થાઉઝન્ડ જ લખેલું આવે છે. બીજેવાયએમની મોબાઈલ એપ પણ એટલી અસરકારક નથી. ગુજરાત કોંગ્રેસની મોબાઈલ એપમાં પણ હજારની સંખ્યા થઈ શકી નથી.

ભાજપ અને કોંગ્રેસના પ્રદેશ નેતાઓ ભલે ટ્વિટર અને ફેસબુકમાં લાખ ફ્રેન્ડ્સ ક્રિયેટ કરી શક્યા હોય પરંતુ વેબસાઈટ અને મોબાઈલ એપમાં બન્ને પાર્ટીઓ પછાત છે જેની સરખામણીએ જનવિકલ્પની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન એક એવું અસરકારક માધ્યમ બન્યું છે કે જેની પોપ્યુલારિટી બન્ને પાર્ટીઓ કરતાં ઘણી ઉંચી છે. ગુજરાતની જનતાને અસરકર્તા વિવિધ પ્રશ્નોને સૂત્રોના ફોર્મમાં ખૂબજ સંવેદના સાથે પ્રોજેક્ટ કરવામાં આવ્યા છે.

### ચૂંટણીટાણે મતદારોએ પણ મિજાજ દેખાડ્યો

## ભ્રષ્ટાચારી નેતાઓને મતોની ભીખ ન માગવા ચેતવણી




ચૂંટણી નજીક આવતાં જોરશોરથી પ્રચાર-પ્રસાર કરતાં નેતાઓને પારખી ગયેલા લોકો આ વખતની ચૂંટણીમાં તેમને બરાબર જવાબ આપશે તેમ જણાઈ રહ્યું છે. આ વાતનું ઉદાહરણ તાજેતરમાં જ સુરેન્દ્રનગર જિલ્લામાં જોવા મળ્યું છે. સુરેન્દ્રનગરના લખતરના મફતિયાપરામાં લોકોએ ચૂંટણીમાં મત મેળવવા માટે લોકોને જ્ઞાતિ, દારૂ, રૂપિયાના પ્રલોભનો ન આપવા ચેતવ્યા છે. લોકોએ ભ્રષ્ટાચારી નેતાઓએ મતની ભીખ ન માંગવી તેવા પણ બેનર ગામના પ્રવેશના રસ્તાથી લઈ વિવિધ સ્થળે લગાવ્યા છે.